Tuesday
20.06.2023
*Volume :7 * Issue No.322

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

To,

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)
*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# ડો. મનસુખ માંડવિયા માતા, નવજાત, બાળ આરોગ્ય (PMNCH), જીનીવા માટેભાગીદારીના સહયોગથી આયોજિત કિશોરો અને યુવાનોના આરોગ્ય અને સુખાકારી પર જી૨૦ કો-બ્રાન્ડેડ ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કરશે

## આ ઇવેન્ટનો હેતુ વિશ્વભરના ૧.૮ બિલિયન કિશોરો અને યુવાનોની આરોગ્ય અને સુખાકારીની જરૂરિયાતોને પ્રકાશિત કરવાનો છે



કમલમ્ ન્યુઝ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, સેન્ટર ફોર મેટરનલ, ન્યુબોર્ન, ચાઈલ્ડ હેલ્થ (PMNCH), જીનીવા સાથે મળીને ૨૦ જૂન, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં 'હેલ્થ ઓફ યુથ-વેલ્થ ઓફ નેશન' નામની ૨૨૦ કો-બ્રાન્ડેડ ઈવેન્ટનું આયોજન કરી રહ્યું છે. આ વૈશ્વિક મેળાવડાનો ઉદ્દેશ્ય વિશ્વભરના ૧.૮ બિલિયન કિશોરો અને યુવાનોની આરોગ્ય અને સુખાકારીની જરૂરિયાતોને પ્રકાશિત કરવાનો છે અને જી૨૦ દેશો દ્વારા કિશોરો અને યુવા આરોગ્યમાં વધુ ધ્યાન અને રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, ડો. મનસુખ માંડવિયા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે અને મુખ્ય સંબોધન આપશે. શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, માહિતી અને પ્રસારણ અને રમતગમત અને યુવા બાબતોના મંત્રી શ્રી અનુરાગ ઠાકુર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી, પ્રોફેસર એસ.પી. સિંહ બઘેલ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. ભારતી પ્રવિણ પવાર પણ ઉપસ્થિત રહેશે અને યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પહોંચી વળવા અને યુવાનોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો અને તેમના પડકારોને પહોંચી વળવા માટે જરૂરી ભવિષ્યની વ્યૂહરચના અંગે તેમના વિચારો રજૂ કરશે. દક્ષિણ આફ્રિકાના આરોગ્ય મંત્રી ડો. માથુમ જોસેફ 'જો' ફાહલા પણ ઉપસ્થિત પ્રેક્ષકોમાં હાજર વિવિધ પરિપ્રેક્ષ્યો અને કુશળતા સાથે ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કરશે. વિશ્વમાં ૧૦-૨૪ વર્ષની વયની ૧.૮ બિલિયન વ્યક્તિઓ છે, જેમાં ભારતમાં સૌથી વધુ યુવા વસતિ છે. આ યુવા વ્યક્તિઓ કોઈપણ રાષ્ટ્ર માટે મૂલ્યવાન સંપત્તિનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં રોકાણ આર્થિક વૃદ્ધિ અને વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યુવા વસતિના જબરદસ્ત ડેમોગ્રાફિક ડિવિડન્ડને ઓળખીને, ૨૨૦ કો-બ્રાન્ડેડ ઈવેન્ટ કિશોરો અને યુવાનોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં રોકાણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકશે. યુવાનોની શક્તિમાં વિશ્વાસ અને બધા માટે શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી સુનિશ્ચિત કરવાના વિઝન સાથે, આ કાર્યક્રમ પ્રધાનમંત્રીના વિઝન અને આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે ભારતના યુવા સંભવિતનો ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે. ૨૨૦ કો-બ્રાન્ડેડ ઈવેન્ટનો એક ઉદ્દેશ્ય યુવાનોને સમાજમાં પરિવર્તનકર્તા તરીકે સશક્ત કરવાનો છે, તેમજ નીતિ નિર્માતાઓ, સરકારી અધિકારીઓ, નિષ્ણાતો, ભાગીદાર એજન્સીઓ અને G20 દેશોના યુવા ચિહ્નો વચ્ચે સંવાદ અને જોડાણને પ્રોત્સાહન આપવાનો છે. અંદાજે, ઈવેન્ટના એક તૃતીયાંશ પ્રતિનિધિઓ ભારતના વિવિધ ભાગો અને અન્ય G20 દેશોમાંથી યુવા સહભાગીઓ હશે. તેમની સક્રિય સંડોવણી એ સુનિશ્ચિત કરશે કે આરોગ્ય અને સુખાકારીને લગતી તેમની ચિંતાઓ સાંભળવામાં આવે અને તેમના ઈનપુટ્સ અને માંગણીઓને ભવિષ્યની નીતિ ઘડતર અને પ્રોગ્રામ અમલીકરણમાં સ્થાન મળે. આ ઈવેન્ટમાં કિશોરવયના આરોગ્ય અને સુખાકારી અને યુવા જોડાણ માટે બહુ-ક્ષેત્રીય ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરતા બે તકનીકી સત્રો દર્શાવવામાં આવશે. વધુમાં, ટાઉન-હોલ સત્ર નીતિ ઘડતરમાં યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે. G20 દેશોમાં કિશોરો અને યુવાનોના સ્વાસ્થ્ય અને સુખાકારીને આગળ વધારનાર જ્ઞાન, શ્રેષ્ઠ પ્રથાઓ અને નવીન નીતિઓ અને કાર્યક્રમોને શેર કરવા માટે એક માર્કેટપ્લેસ પણ રાખવામાં આવશે. ઈવેન્ટની મુખ્ય વિશેષતાઓ G20 દેશોની પ્રભાવશાળી વ્યક્તિઓની આગેવાની હેઠળની વિશેષ ચર્ચાઓ છે, જેમાં G20 શેરપા શ્રી અમિતાભ કાંત, કેન્દ્રીય આરોગ્ય સચિવ, શ્રી રાજેશ ભૂષણ, PMNCH બોર્ડના ચેરપર્સન હેલેન કલાર્ક અને UNFPA હેડક્વાર્ટરના ડિરેક્ટર ડૉ. જુલિટા અનાબાન્જોનો સમાવેશ થાય છે.






# બિપોરજોય ચક્રવાતથી મીનીમમ લોસ થાય તે અભિગમ સાથે ગુજરાત સરકારે કરેલા આગોતરા આયોજનથી કેઝ્યુલીટી 'ઝીરો': પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

## પ્રભાવિત જિલ્લાઓના ૫૩ હજાર હેક્ટર બાગાયત પાક વિસ્તારમાં ૧૪,૮૮૭ જેટલા ફળપાક ઝાડ ઢળી પડ્યા હોવાનો પ્રાથમિક અંદાજ



કમલમ્ ન્યુઝ

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, બિપોરજોય ચક્રવાતથી ગુજરાતમાં મીનીમમ લોસ થાય તે માટે રાજ્ય સરકારે ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે આગોતરું આયોજન કર્યું હતું.

આ આયોજન અને સૌના સાથ સહકારથી આજે ગુજરાત આટલા ભયાવહ ચક્રવાત સામે બાથ ભીડી શક્યું છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તાજેતરમાં જ ગુજરાત પર આવેલા બિપોરજોય નામના સંકટ અને તેના માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા થઈ રહેલી કામગીરી અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ચર્ચાઓની માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્રીય એજન્સીઓ, કોસ્ટ ગાર્ડ, સશસ્ત્ર દળો, જીલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો ઉપરાંત સ્વયંસેવી સંસ્થાઓ અને પ્રજા સહિત સૌના સામૂહિક પ્રયાસોથી ગુજરાતમાં ચક્રવાતના કારણે માનવ મૃત્યુ ઝીરો અને આર્થિક નુકશાન ઘટાડી શક્યા. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, વાવાઝોડા દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૬૪૮૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. વાવાઝોડું પસાર થઈ ગયા બાદ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી અત્યાર સુધીમાં ૫૭૫૩ ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવામાં આવી છે, જ્યારે બાકીના ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. પ્રભાવિત જિલ્લાઓમાં ૪૦૦ કેવી, ૨૨૦ કેવી અને ૧૩૨ કેવીની ક્ષમતાના ૧૨ સબસ્ટેશનો વીજ પુરવઠો વાવઝોડા દરમિયાન ખોરવાયો હતો, જે તમામ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાયો છે. આ ઉપરાંત ૬૬ કેવીના ૨૪૩ સબસ્ટેશનનો વીજ પુરવઠો પણ આ વાવાઝોડા દરમિયાન બંધ થયો હતો, જેમાંથી ૨૩૬ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુસ્થાપિત થઈ ગયો છે. બાકી રહેતા ૭ સબસ્ટેશનમાં ત્વરાએ વીજ પુરવઠો ફરી શરુ કરવા માટેની કામગીરી ચાલી રહી છે. વાવાઝોડાથી ગેટકો અને ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓના વીજ માળખાને અંદાજીત રૂ. ૭૮૩ કરોડનું નુકશાન થયું હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રભાવિત જિલ્લાઓમાં અસરગ્રસ્ત નાગરિકોને ૩ દિવસમાં કેશડોલ્સની ચૂકવણી કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી હતી. જેના પરિણામે પ્રભાવિત જિલ્લાઓમાં અત્યારસુધીમાં કુલ રૂ. ૧ કરોડ ૨૩ લાખ ૮૨ હજાર (રૂ. ૧,૨૩,૮૨,૨૪૦) જેટલી કેશડોલ્સ ચૂકવવામાં આવી છે, જ્યારે હજુ પણ કેશડોલ્સ ચૂકવવાની કામગીરી ચાલી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વાવાઝોડાની વિપરીત અસરોથી સંભવિત જિલ્લાઓમાં પશુમૃત્યાંકને ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ઘણા પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. બાકી રહેતા પશુઓને બાંધી ન રાખવા અને છુટ્ટા મૂકવા માટે પણ જણાવવામાં આવ્યું હતું. છતાં પણ વીજળી પડવાથી, ઝાડ નીચે દબાવાથી, વધારે સમય પાણીમાં ફસાયેલા રહેવાથી અને ઠંડીના કારણે રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૧૩૨૦ પશુઓ અને ૧૯૦૭ મરઘાના મૃત્યું થયા છે. પાત્રતા મુજબ કુલ મરણ પૈકી ૧૧૨૯ પશુઓને રાજ્ય સરકાર તરફથી સહાય મળવાપાત્ર છે. જેની અંદાજીત રકમ રૂ. ૧.૬૨ કરોડ છે. સહાય ચૂકવવાની શરૂઆત કરવામાં આવી છે જે ટૂંક સમયમાં જ પૂર્ણ થશે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, વાવાઝોડા દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાઓમાં ખેતી પાકો અને બાગાયત પાકોમાં પણ નુકશાન જોવા મળ્યું છે. નુકશાનીના પ્રાથમિક અહેવાલ અનુસાર કચ્છ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર તથા અન્ય જિલ્લાઓમાં કુલ ૮૨ હજાર હેક્ટર જેટલા બાગાયતી પાકોનો વિસ્તાર છે. જેમાં ૫૩ હજાર હેક્ટર વિસ્તારમાં નુકશાન થયા હોવાનો પ્રાથમિક અંદાજ છે. જેમાંથી ૧૪,૮૮૭ જેટલા ફળપાકોના ઝાડ ઢળી પડવાનો અંદાજો આવ્યો છે. સ્થિતિનો પૂરે પૂરો અંદાજ મેળવવા માટે વિગતવાર સર્વેની કામગીરી હાલ ચાલી રહી છે. મંત્રી શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારે સ્થિતિની ગંભીરતા સમજતા ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે વાવાઝોડાની અસરો શરુ થાય તે પહેલા જ પ્રભાવિત જિલ્લાના દરિયાકાંઠામાં વસતા લગભગ એક લાખથી વધુ નાગરિકોને સુરક્ષિત આશ્રય સ્થાનો ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેમના માટે ખોરાક અને દવાઓ જેવી તમામ જરૂરિયાતની વ્યવસ્થાઓ કરાઈ હતી. તકેદારીના ભાગરૂપે સંબંધિત જિલ્લાઓમાં ૪૪૬૪ જેટલા હોર્ડિંગ દૂર કરાયા હતા, વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા ૧૫૦૮ ટીમ, તમામ પીએચસી-સીએચસી ખાતે દવા અને લોજીસ્ટીક સ્ટોક, રાહત બચાવ માટે ૧૮ એનડીઆરએફ અને ૧૨ એસડીઆરએફની ટીમો, પાણી પુરવઠો બંધ ન થાય તે માટે ડીઝલ જનરેટરની વૈકલ્પિક વ્યવસ્થા અને રોડ રસ્તાઓ પરથી આડસો અને ધરાશાયી થયેલા વૃક્ષોને દૂર કરવા માટે વન વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગની ટીમો પણ સજ્જ હતી. આમ, સૌના સહિયારા અને સામુહિક પ્રયાસોના કારણે ગુજરાત રાજ્ય ફરી એકવાર આપત્તિ વ્યવસ્થાપન અને આપદા પ્રબંધનની કામગીરીમાં દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યું છે, તેમ મંત્રીશ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું.

# સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ-SWACના વડા એર માર્શલ નર્મદેશ્વર તિવારી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે



કમલમ્ ન્યુઝ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારતીય વાયુદળના દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડ SWACના એર ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ ગાંધીનગરમાં લીધી હતી. એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ ૧ લી મે-૨૦૨૩ થી SWAC ના એર ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફનો પદભાર સંભાળ્યો છે. SWAC અંતર્ગત ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યોનો સમાવેશ થયેલો છે. આ દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડના વડાનો પદભાર સંભાળતા પૂર્વે એર માર્શલ તિવારી ભારતીય વાયુ દળના મુખ્યમથક ખાતે ડેપ્યુટી ચીફ ઓફ એર સ્ટાફ તરીકે કાર્યરત હતા. ભારતીય વાયુદળમાં ફાયટર પાયલટ તરીકે ૧૯૮૬ માં જોડાયેલા શ્રી તિવારી વાયુદળના વિવિધ પ્રકારના એરક્રાફટની કુલ ૩૬૦૦ કલાકની ઊડાનનો અનુભવ ધરાવે છે. તેમની ઉત્કૃષ્ટ સેવાઓની કદર રૂપે તેમને ૨૦૦૮માં રાષ્ટ્રપતિશ્રીનો વાયુ સેના મેડલ અને ૨૦૨૨ માં અતિ વિશિષ્ટ સેવા મેડલના સન્માન પ્રાપ્ત થયેલા છે. SWACના એર ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેઓ પ્રથમવાર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને શુભેચ્છા મુલાકાત માટે મળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં બિપરજોય વાવાઝોડાની આપત્તિમાં વાયુસેનાએ ગુજરાતને મદદ માટે દાખવેલી તત્પરતા અંગે આભારની લાગણી વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન આ સૌજન્ય મુલાકાતમાં સહભાગી થયા હતા.

# સુરત ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં સવા લાખ નાગરિકો યોગાભ્યાસમાં જોડાઇ વિશ્વ વિક્રમ સર્જશે : યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવી

## ગુજરાતના સવા કરોડ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશેઃ રાજ્યભરમાં યોજનારા કાર્યક્રમોમાં રાજ્યમંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ઉપરાંત વિવિધ પદાધિકારીઓ સહિતના મહાનુભાવો સહભાગી થશે



કમલમ્ ન્યુઝ

યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, આગામી તા.૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરત ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં સવા લાખ નાગરિકો એક સાથે એક જ સ્થળે યોગાભ્યાસમાં જોડાઈ વિશ્વ વિક્રમ સર્જશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનાર આ રાજ્યકક્ષાની ઉજવણીમાં સાંસદ શ્રી સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે. એટલુ જ નહિ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૬.૪૦ કલાકે વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે, જેનુ જીવંત પ્રસારણ રાજ્યભરમાં યોજાનાર કાર્યક્રમોમાં કરવામાં આવશે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વિશ્વભરમાં દર વર્ષે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય' ની થીમ પર ઉજવણી કરાશે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, સુરત ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં રૂ જંકશન થી SVNIT સર્કલ -૪ કિ.મી સુધી, રૂ જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ – ૪ કિ.મી સુધી, તેવી જ રીતે રૂ જંકશનથી સુરત એરપોર્ટ ગેટ – ૪.૫ કિ.મી સુધી મળી પ્રતિ ૧ કિમી આશરે ૧૦,૦૦૦ નાગરિકો એટલે કે ૧,૨૫,૦૦૦ નાગરિકો કુલ ૧૨.૫ કિમી પાથ પર આ યોગાભ્યાસમાં સહભાગી થશે. નોંધનીય બાબત છે કે, રાજ્ય કક્ષાના સુરત ખાતેના કાર્યક્રમમાં જોડાવવા માટે ગઈ કાલે જાહેર કરાયેલી ઓનલાઇન લિંક ઉપર માત્ર એક જ દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવી દીધું છે.મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની ઉજવણી સુરત ખાતે થશે, સવારે ૬.૦૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં અંદાજે સવા લાખથી વધુ લોકો સહભાગી થશે. મુખ્યમંત્રી શ્રી સવારે ૬.૩૦ કલાકે સુરતથી રાજ્યના નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધશેજેનુ જીવંતપ્રસારણ જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં કરાશે. દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સવારે ૬.૪૦ કલાકે વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે, જેનુ પણ જીવંત પ્રસારણ રાજ્યભરમાં યોજાનાર કાર્યક્રમોમાં કરાશે. તે ઉપરાંત મહાનુભાવોના હસ્તે પુસ્તક વિમોચન કર્યા બાદ યોગ એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાશે. યોગ બોર્ડના ચેરમેનશ્રી દ્વારા કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસ કરાવવામાં આવશે. સમગ્ર વિશ્વ વિશાળ જન ભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના સવા કરોડ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્યમંત્રી મંડળનાસભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત પદાધિકારીઓ અને અનેક મહાનુભાવો પણ સહભાગી થશે. ઉલ્લેખનીય છે કે વાવાઝોડાથી અસરગ્રસ્ત તાલુકાઓમાં આ કાર્યક્રમના આયોજન કરાયા નથી. આ તાલુકાઓના નાગરિકો સ્વૈચ્છિક રીતે યોગાભ્યાસમાં જોડાઈ શકશે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુદ્રઢ માર્ગદર્શન હેઠળ રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.રાજ્યના ૩૩ જિલ્લાઓના જે ૭૫ સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં ૧૦ જેટલાં ઐતિહાસિક સ્થળો, ૭ જેટલાં ધાર્મિક સ્થળો,૧૭ જેટલાં પ્રવાસન સ્થળો, ૩૩ જેટલાં જિલ્લા અને મહાનગરપાલિકાના સ્થળો અને ૮ તાલુકા મથકોના સ્થળની પસંદગી કરવામાં આવી છે. રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકાઓ,મહાનગરપાલિકાઓની સાથોસાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથા પોલીસ સ્ટેશનો સહિત તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે. મંત્રીશ્રીએ કહ્યું કે, નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજ્યભરમાં ભવ્ય અને વિશાળ સંખ્યામાં થાય તે માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે જેમાં શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં ભારતીય સંસ્કૃતિ યોગનું મહત્વ વડાપ્રધાનશ્રીનું યોગને વૈશ્વિક ફલક પર લાવવા અંગેનું યોગદાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગેની માહિતી અપાઈ રહી છે, યોગની જાગૃતિ માટે પ્રભાત ફેરી, શૈક્ષણિક સમય દરમિયાન યોગ અંગેની ચિત્રકલા સ્પર્ધાનું આયોજન, BISAGના માધ્યમથી વિદ્યાર્થીઓને કોમન યોગ પ્રોટોકોલની તાલીમ પણ આપવામાં આવી રહી છે. એ જ રીતે પંચાયત વિભાગ દ્વારા મુખ્ય માર્ગો પર ગામના તમામ લોકો દ્વારા યોગ યાત્રા યોજીને એક જગ્યાએ સૌ ભેગા થઈ સંકલ્પ કરે તે માટેનું આયોજન કરાયુ છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા દરેક PHC/CHC માં OPD સમયે યોગના મહત્વ અંગે માર્ગદર્શન અપાશે.આશા વર્કર્સ, આંગણવાડી બહેનો દ્વારા યોગ નિદર્શન કાર્યક્રમનું પણ આયોજન કરાયુ છે. જ્યારે ગૃહ વિભાગ દ્વારા બાઈક રેલીના માધ્યમથી યોગ અંગેની જાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

